# કાશ્મીરમાં પ્રોક્સી વોરને પાકનો ટેકો : સેનાના વડા



નવીદિલ્હી,તા. ૧૩

ભારતીય સેનાના વડા દલબીરસિંહ સુહાગે આજે કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાન દ્વારા પ્રોક્સીવોરને ટેકો આપવામાં આવી રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે ભારત સામે તકલીફ પડી રહી છે. ભારત સામે ખતરો અને પડકારો વધી રહ્યા છે. સક્રિય સરહદના લીધે આ સમસ્યા ઉભી થઈ છે. સરહદ ઉપર સતત ગોળીબારના બનાવો બની રહ્યા છે. સેનાના વડાએ કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરમાં હાલમાં જ કરવામાં આવેલા ત્રાસવાદી હુમલાઓ દર્શાવે છે કે, પાકિસ્તાન ખૂબ જ હતાશ થયેલું છે. તેમણે એમપણ કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળો દ્વારા ૧૧૦ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. પાકિસ્તાની સૈનિકો દ્વારા હાલમાંજ કરવામાં આવી રહેલા યુદ્ધ વિરામના ભંગ અંગે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, ત્રાસવાદીઓ ખૂબ જ હતાશ થયેલા છે. અંકુશ રેખા પરથી ઘુસણખોરી કરવામાં તેમને સફળતા મળી રહી નથી. આંતરરાષ્ટ્રીય સરહદમાંથી ઘુસણખોરી કરવાના પ્રયાસ તેમના દ્વારા થઈ રહ્યા છે. જનરલ દલબીરસિંહે કહ્યું હતું કે, પાકિસ્તાનમાં ત્રાસવાદી માળખું અકબંધ રહ્યું છે. ચીન અંગે વાત કરતાં સેનાના વડાએ કહ્યું હતું કે, ભારત અને ચીન વચ્ચેના સીબીએમથી ફાયદો થયો છે. જટીલ મુદ્દાઓ હજુ પણ ઉકેલાયા નથી. જમ્મુ-કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પારથી કરવામાં આવેલા ગોળીબાર અને તોપમારાના લીધે ૧૦ હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. ગામવાળાઓમાં ભારે દહેશત પણ છે. વર્ષ ૨૦૧૪માં પાકિસ્તાન દ્વારા ૫૫૦ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો હતો. જે ૨૦૦૩થી અમલી યુદ્ધવિરામના ભંગમાં સૌથી વધુ આંકડો છે. ઓગસ્ટથી ઓક્ટોબર દરમિયાન યુદ્ધવિરામના ભંગના સૌથી વધુ બનાવ બન્યા છે. આમાં બે સુરક્ષા જવાનો સહિત ૧૩ લોકોના મોત થયા છે.

## શાહરૂખ બાલકીની ફિલ્મમાં કામ કરે તેવી પ્રબળ શક્યતા

મુંબઈ,તા. ૧૩

હેપ્પી ન્યુ યરની સફળતા બાદ શાહરૂખ ફરી વધુને વધુ ફિલ્મ કરવા માટે તૈયાર થયો છે. હવે શાહરૂખને લઈને બાલકી ફિલ્મ બનાવે તેવી શક્યતા છે. હેપ્પી ન્યુ યર અને ચેન્નાઈ એક્સપ્રેસ ફિલ્મને શાનદાર સફળતા મળ્યા બાદ શાહરૂખ ખાન ફરી એકવાર લોકપ્રિયતામાં આવી ગયો છે. થોડાક સમય પહેલા ફિલ્મ નિર્માતા આર બાલકીએ થોડાક કલાક સુધી શાહરૂખ ખાન સાથે બંધ બારણે બેઠક યોજી હતી. એવું જાણવા મળ્યું છે કે બાલકી આગામી ફિલ્મમાં શાહરૂખ ખાન સાથે કામ કરવાની ઈચ્છા ધરાવે છે. એવું પણ જાણવા મળી રહ્યુંછેકે આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાનને એક સાથે લેવામાં આવશે. અમિતાભ બચ્ચન શરૂઆતથી જ આર બાલકીના ફેવરિટ અભિનેતા તરીકે રહ્યા છે. ચીની કમ, પા ફિલ્મો



અમિતાભને લઈને બાલકી બનાવી ચૂક્યા છે. ફિલ્મ નિર્માતા આ અહેવાલને સમર્થન આપી રહ્યા નથી શાહરૂખ ખાને પણ આ ફિલ્મમાં કામ કરવાની તૈયારી દર્શાવી છે. શાહરૂખ ખાને શૂટિંગ માટે તૈયારી હોવાની વાત પણ કરી છે. બિગ બી ફિલ્મમાં છે કેમ તે અંગે હજુ સુધી કોઈ માહિતી મળી નથી. શાહરૂખ ખાન અને અમિતાભ બચ્ચન સાથે કામ કરી ચૂક્યા છે. ટૂંક સમયમાં શાહરૂખ ખાન સાથે શૂટિંગ શરૂ કરવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા બાલકીએ કોઈ પ્રતિક્રિયા આપી નથી પરંતુ એવું જાણવા મળ્યું છે કે તમામ બાબતોને આખરી ઓપ આપી દીધા બાદ શૂટિંગની પ્રક્રિયા આગળ વધારવામાં આવશે. શાહરૂખ ખાનની હાલમાં હેપ્પી ન્યુ યર બોક્સ ઓફિસ પર ધુમ મચાવવામાં સફળ રહી હતી. આ ફિલ્મમાં તેની સાથે દિપિકા અને અભિષેક બચ્ચનની જોડી રહી હતી. અન્ય કલાકારો પણ હતા.

**હુમલો કરાયા બાદ ફરી કવર પર કાર્ટુન્સ રહેશે**

## શાર્લી એબ્દો પૈગંમ્બરના કાર્ટુન સાથે વાપસી કરશે

પેરિસ,તા. ૧૩

પૈગમ્બર મોહમ્મદના કાર્ટુન્સ પ્રકાશિત કરવા બદલ ત્રાસવાદી હુમલોનો સામનો કર્યા બાદ આની ચિંતા કર્યા વગર ફ્રાન્સના મેગેઝીન શાર્લી એબ્દોમાં ફરી કવર પેજ પર પૈગમ્બરના જ કાર્ટુન્સ પ્રકાશિત કરવામાં આવ્યા છે. જેથી તેના સાહસને લઈને ચર્ચા શરૂ થઈ છે. હુમલો કરવામાં આવ્યા બાદ હવે બુધવારના દિવસે એટલે કે આવતીકાલે નવી આવૃતિ બજારમાં આવનાર છે. જેમા ફરી પૈગમ્બરના કાર્ટુન્સ પ્રકાશિત કરવામાં આવનાર છે. શાર્લી એબ્દો મેગેઝીનના વકીલે સોમવારે કહ્યુ હતું કે આવનાર એડિશનમાં પૈગમ્બર મૌહમ્મદનો રેખાચિત્ર અને કાર્ટુન્સ મહત્વ સાથે પ્રકાશિત થનાર છે. મેગેઝીનના કોલમનિસ્ટ પેટ્રિક પેલક્સે કહ્યું છે કે આ ઈશ્યુ બુધવારે બજારમાં આવી જશે. ખાસ બાબત એ છે કે આ મેગેઝીનના આ ઈશ્યુને દુનિયાભરની ૧૬ ભાષામાં રજૂ કરવામાં આવનાર છે. મેગેઝીનના વકીલ રિચર્ડ મલ્કાએ ફ્રેન્ચ રેડિયો સાથેની વાતચીતમાં કહ્યું છે કે આવનાર એડિશનમાં અન્ય વિષયોની સાથે સાથે નિશ્ચિત રીતે પૈગમ્બર પર ટિકા પણ રહેશે. આનો હેતુ સ્ટાફ દ્વારા આ બાબતની સાબિતી રહેશે કે કટ્ટરપંથી તેમને શાંત કરાવી શકે નહી. ગયા બુધવારે ફ્રાન્સના સૌથી લોકપ્રિય મેગેઝીન શાર્લી એબ્દોની ઓફિસ પર ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો હતો. તેના ટોપ કાર્ટુનિસ્ટને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. ત્રાસવાદીઓએ કહ્યું હતું કે પૈગમ્બરના કાર્ટુન્સ પ્રકાશિત કરવા બદલ આ હુમલો કરવામાં આવ્યો હતો.

## ઈંગ્લેન્ડ પર સાત રને વિજય મેળવી ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન

કોલકત્તા,તા.૧૩

કોલકત્તાના ઐતિહાસિક ઇડન ગાર્ડન ખાતે રમાયેલી રીલાયન્સ વર્લ્ડ કપની ફાઇનલ મેચ ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચે રમાઇ હતી. આ મેચ ઓસ્ટ્રેલિયાએ સાત રને જીતીને પ્રથમ વર્લ્ડ કપ ટ્રોફી જીતી હતી. એલન બોર્ડરના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયાની ટીમે નવો ઇતિહાસ રચ્યો હતો. ઓસ્ટ્રેલિયન કેપ્ટન બોર્ડરે ટોસ જીતી આ મહત્વપૂર્ણ ફાઇનલ મેચમાં પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી બુન અને માર્શે ધીમી પરંતુ મક્કમ શરૂઆત કરી હતી અને પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૭૫ રન ઉમેર્યા હતા. બુનના ૭૫ અને વેલેટ્ટાના અણનમ ૪૫ રનની મદદથી ઓસ્ટ્રેલિયાએ નિર્ધારિત ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૫૩ રન કર્યા હતા. જેના જવાબમાં ઇંગ્લેન્ડની ટીમ ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૪૬ રન કરી શકી હતી. ઇંગ્લેન્ડ તરફથી એથેએ સૌથી વધુ ૫૮ રન કર્યા હતા. કેપ્ટન માઇક ગેટિંગ ૪૧ રન કરી આઉટ થયો હતો. જ્યારે લેમ્બ ૪૫ રન કરી આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી સ્ટીવ વૉગે બે વિકેટ ઝડપી હતી. જ્યારે કેપ્ટન બોર્ડરે ૩૮ રન આપીને બે વિકેટ ઝડપી હતી. મેન ઓફ ધ મેચ તરીકે ડેવિડ બુનની પસંદગી કરવામાં આવી હતી. આ જીતની સાથે જ ઓસ્ટ્રેલિયાની વર્લ્ડ ક્રિકેટમાં શક્તિશાળી ટીમ તરીકે શરૂઆત થઇ હતી. ત્યારબાદ ક્રિકેટ જગતમાં ઓસ્ટ્રેલિયાએ એક પછી એક મોટી સફળતા મેળવી લેવાની શરૂઆત કરી હતી.

ઓસ્ટ્રેલિયા તરફથી તમામ બોલરોએ શાનદાર દેખાવ કર્યો હતો. રીલાયન્સ વર્લ્ડ કપની ફાઇનલ મેચ જોવા માટે કોલકત્તાના ઇડન ગાર્ડન ખાતે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. એલન બોર્ડરે ઘાતક ભાગીદારીને તોડી હતી. અંતિમ ઓવરમાં ઇંગ્લેન્ડને જીતવા માટે ૧૭ રનની જરૂર હતી પરંતુ તેના ખેલાડી ટાર્ગેટને પાર પાડવામાં નિષ્ફળ રહ્યા હતા.

## સુનંદા કેસ : ટૂંકમાં ચાર્જશીટ દાખલ કરાય તેવી પ્રબળ વકી

નવીદિલ્હી,તા. ૧૩

સુનંદા પુષ્કરે હત્યા કેસના સંદર્ભમાં તપાસ અતિ ઝડપથી આગળ વધી રહી છે. દિલ્હી પોલીસ કમિશનર બીએસ બસ્સીએ કહ્યું છે કે, આ કેસમાં તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમને ઝડપથી તપાસ કરવા કહેવામાં આવ્યું છે. શક્ય તેટલી વહેલી તકે ચાર્જશીટ દાખલ કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. શશી થરુરની પુછપરછ કરવાની યોજના અંગે પુછવામાં આવતા બસ્સીએ કહ્યું હતું કે, જ્યારે પણ સીટને કોઇ વ્યક્તિની પુછપરછ કરવાની જરૂર લાગશે ત્યારે પુછપરછ કરાશે. કોઈને પણ છોડવામાં આવશે નહીં. પગલા યોજના મુજબ તપાસ ચાલી રહી છે. દિલ્હીના પોલીસ વડાએ કહ્યું હતું કે, આગામી થોડાક દિવસોમાં બેસીને નિર્ણય લેવામાં આવશે. ફોરેન્સિક ચકાસણી માટે સુનંદાના વિસકેરા સેમ્પલ ક્યા મોકલવામાં આવે. તેમણે એમ પણ કહ્યું હતું કે, શશી થરુર દિલ્હી આવી પહોંચ્યા છે. અમારી તપાસ ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. જ્યારે પણ યોગ્ય પુરાવા મળશે ત્યારે શશી થરુરની પુછપરછ કરાશે. બીજી બાજુ પોલીસ વડાએ પાકિસ્તાની પત્રકાર મહેર તરારની પુછપરછ કરવાની શક્યતાને પણ નકારી નથી. જો સીટને કોઇ સંબંધિત પુરાવા હાથ લાગશે તો ચોક્કસપણે તેની અવગણના કરવામાં આવશે નહીં. ૫૧ વર્ષીય સુનંદા ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે દક્ષિણ દિલ્હીમાં ફાઈવ સ્ટાર હોટલમાં મૃતહાલતમાં મળી આવી હતી. તરાર સાથે બોલાચાલી થયા બાદ આ બનાવ બન્યો હોવાના અહેવાલ મળી ચુક્યા છે. થરુર સાથે પ્રેમ પ્રકરણને લઇને માઇક્રો બ્લોગિંગ વેબસાઇટ ટ્વિટર પર તરાર સાથે સુનંદાની બોલાચાલી થઇ હતી. પોલીસ આઈપીએલ ક્રિકેટ લીગ એંગલથી પણ તપાસ કરી રહી છે.

## તેલ કિંમતોમાં ઘટાડાની વચ્ચે સેંસેક્સ ૧૫૯ પોઈન્ટ ડાઉન

મુંબઈ,તા. ૧૩

શેરબજારમાં આજે મંદીનું મોજુ રહ્યું હતું. ઉત્તરાયણના એક દિવસ પહેલા બેંચ માર્ક શેર ઈન્ડેક્સમાં મંદી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧૫૯ પોઈન્ટ ઘટીને ૨૭૪૨૫ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૪ પોઈન્ટ ઘટી ૮૨૯૯ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ઉથલપાથલ રહી હતી. બંનેમાં ૦.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈમાં માર્કેટબ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૫૩૯ શેરમાં મંદી અને ૧૩૮૪ શેરમાં તેજી રહી હતી. ડેટા દર્શાવે છે કે, ઓક્ટોબર મહિનામાં ૪.૨ ટકાનો ઘટાડો રહ્યા બાદ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડ્કશન નવેમ્બર મહિનામાં ૩.૮ ટકાની ઉંચી સપાટીએ પહોંચ્યો છે. સીપીઆઈ આધારિત ફુગાવાના આંકડા પણ જારી કરવામાં આવ્યા છે જે અગાઉના મહિનામાં ૪.૩૮ ટકાની સામે પાંચ ટકા રહ્યો છે. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ સોમવારે ૨૪૫ કરોડની કિંમતના ઈક્વિટી શેરની ખરીદી કરી હતી. તેલ કિંમતોમાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત છ વર્ષની સૌથી નીચી સપાટીએ પહોંચી છે. ૧૨ સેક્ટરલ ઈન્ડેક્સ પૈકી ૧૦માં મંદી રહી હતી. બીએસઈ એફએમસીજી ઈન્ડેક્સમાં ૦.૭ ટકાનો ઉછાળો રહ્યો હતો. હેલ્થકેર ઈન્ડેક્સમાં ૦.૨ ટકા, રિયાલીટી અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૧.૯ અને ૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. ફાયનાન્સિયલ શેર સમગ્ર સેશન દરમિયાન દબાણ હેઠળ રહ્યા હતા. ક્રૂડની કિંમત છ વર્ષની નીચી સપાટીએ પહોંચતા પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ભાવ ઘટાડાના સંકેત દેખાઈ રહ્યા છે. શેરબજારમાં ગઈકાલે તેજી રહી હતી. સોમવારે સેંસેક્સ કારોબારના અંતે ૧૨૭ પોઈન્ટ ઉછળીને એક સપ્તાહની ઉંચી સપાટીએ રહ્યો હતો. ગઈકાલે કેપિટલ ગુડ્ઝ, એફએમસીજી, આઈટી શેરમાં જોરદાર લેવાલી રહી હતી. રિટેલ ફુગાવા અને આઈઆઈપીના આંકડા જારી કરવામાં આવે તે પહેલા બજારમાં આ સ્થિતિ રહી હતી. સોમવારે નિફ્ટી ૩૯ પોઈન્ટ ઉછળીને ૮૩૦૦ની સપાટીને હાસલ કરવામાં સફળ રહ્યો હતો.



લોહરી ઉત્સવમાં કોલેજની યુવતિઓએ પરંપરાગત વસ્ત્રોમાં પવિત્ર અગ્નિના ફરતે પંજાબી લોકનૃત્ય ગીદ્દા કર્યુ હતું. આ તહેવાર વર્ષના સૌથી ટૂંકા દિવસે ઉજવવામાં આવે છે. આ તહેવાર પંજાબી ખેડૂત શીખ સમુદાય માટે ખૂબ મહત્વ ધરાવે છે.

## બંગાળમાં ૧૪૦ ક્રૂડ બોંબ મળતા ચકચાર

કોલકાતા, તા. ૧૩

પશ્ચિમ બંગાળ પોલીસે રાજ્યમાં વીરભૂમ જિલ્લામાં ૧૪૦ ક્રૂડ બોંબ કબજે કરવામાં આવ્યા છે. આજે આ ક્રૂડ બોંબ મળી આવ્યા બાદ ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. આ સંદર્ભમાં હજુ સુધી કોઈની પણ ધરપકડ કરાઈ નથી. સ્થાનિક પોલીસને વીરભૂમ જિલ્લામાં પરુઈ પોલીસ સ્ટેશન હેઠળ એક ગામમાંથી આ બોંબ મળી આવ્યા હતા. પ્લાસ્ટિક કન્ટેઈનરની અંદર આ બોંબ છુપાવવામાં આવ્યા હતા. કેટલાક સ્થાનિક ગામવાળાઓ દ્વારા માહિતી આપવામાં આવ્યા બાદ તપાસ હાથ ધરાઈ હતી. આ સંદર્ભમાં બે લોકોની અટકાયત કરીને પુછપરછ કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં આશરે ૭૦ ક્રૂડ બોંબ આજ જિલ્લાના સતોરમાંથી મળી આવ્યા હતા. સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે પરંતુ ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં બર્ધવાનમાં થયેલા બ્લાસ્ટના સંદર્ભમાં આના કોઈ કનેક્શન છે કે કેમ તે અંગે કોઈ માહિતી આપવાનો પોલીસે ઈન્કાર કર્યો છે. પશ્ચિમ બંગાળ પોલીસ ઉંડી તપાસ કરી રહી છે.

## સમાચાર ઝલક

- ઉત્તરાયણમાં મોદી-ઓબામા-બકાના ફોટાવાળા પતંગોની ભારે માંગ.
- ઉત્તરાયણના દિવસે રાજયના તમામ પશુ દવાખાના ચાલુ રહેશે. સરકારનો નિર્ણય.
- સૌરાષ્ટ્રમાં કપાસનો મોટો ભરાવો. નિકાસમાં ઘટાડો થતાં મહામંદીથી નાણાંકીય કટોકટીનો ભય.
- રાજકોટમાં પ્રોફેસરે પરિવારની ત્રણ દિકરીઓ સાથે ઝેરી દવા ગટગટાવી.
- ગુજરાતમાં તા. ૧૮મી જાન્યુઆરીએ બાળકોને પોલીયોની રસી પીવડાવવાનું અભિયાન.
- ગુજરાતમાં બ્રિટનની રાજદૂત કચેરી શરુ થશે.
- ધુમ્મસના કારણે વારાણસી-ઓખા એક્સપ્રેસ ૬ કલાક મોડો પડયો.
- અમરેલીમાં કોંગો ફીવરના શંકાસ્પદ કેસથી દોડધામ.
- ગુજરાતમાં વીજ પ્રોજેક્ટો શરુ કરવા વિશ્વ બેંક મદદ કરશે.
- મુંબઈ-મદ્રાસમાં સી.બી.આઈ.નો સપાટો. મોટું આવકવેરા કૌભાંડ પકડાયું.
- ચેન્નાઈમાં દાદાની માથાકુટથી પૌત્ર એ દાદાની હત્યા કરી.
- હાઈસ્પીડ બ્રોડ બેન્ડ ધરાવતો દેશનો પ્રથમ જિલ્લો કેરળનો ઈડુક્કા.
- મુંબઈમાં ધરપકડથી બચવાં નાઈજીરીયન યુવાને ત્રીજા માળેથી કુદકો મારતાં મોત.
- પેરિસમાં આતંકવાદ વિરોધમાં એકતા રેલીમાં ૩૦ લાખ લોકો જોડાયા.
- ભારત ૨૦૧૯માં બે ટ્રિલિયન યુનિટ વીજ ઉત્પાદન કરશે.
- મેક ઈન ઈન્ડિયા : બ્રાન્ડ ગુજરાતની કંપનીઓ ૧૫ હજાર લોકોને નવી રોજગારી આપશે.
- મુખ્યમંત્રીના હસ્તે ગુજરાત સ્ટેટ ઈનોવેશન પોર્ટલ લોન્ચ કરાયું.



સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ બાન કી મૂન અને ભારતના લીજેન્ડરી ક્રિકેટર સચિન તેંડુલકરે નવી દિલ્હીમાં 'યંગ એટ ૭૦'નો લોગો લોન્ચ કર્યો હતો.

## ઉત્તરપ્રદેશમાં લઠ્ઠાકાંડ : મૃતાક વધી ૨૭ થયો, તપાસના હુકમ

લખનૌ,તા. ૧૩

ઉત્તરપ્રદેશના લઠ્ઠાકાંડના બનાવમાં મોતનો આંકડો વધીને આજે ૨૭ ઉપર પહોંચી ગયો હતો. લખનૌની જુદી જુદી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા નવ લોકોના મોત થતા મૃતાંક વધીને ૨૭ થયો હતો. સારવાર દરમિયાન વધુ લોકોના મોત થતા તંત્રમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. ૧૨૨થી વધુ લોકો હજુ પણ સારવાર હેટળ છે. જે પૈકી ૧૨ની હાલત ગંભીર બનેલી છે. ઘણા લોકો આંખ ગુમાવી ચુક્યા છે. મૃતકોમાં માલિહાબાદ શહેરના ૧૫ અને લખનૌમાં સરોજનીગરમાં ચાર અને ઉન્નાવમાં આઠ લોકોના મોત થયા છે. નવેસરના મોતના અહેવાલને રાજ્ય સરકારે સમર્થન આપ્યું છે અને કહ્યું છે કે, મોતનો આંકડો હજુ પણ વધી શકે છે. જિલ્લા મેજિસ્ટ્રેટ રાજ શેખરે કહ્યું છે કે, કેટલાક મોત રાત્રિ ગાળા દરમિયાન થયા છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિગત એકત્રિતે કરવામાં આવી રહી છે. દરમિયાન પોલીસે આ સંદર્ભમાં લઠ્ઠો ઉપલબ્ધ કરાવનાર એકની ધરપકડ કરી છે જેની ઓળખ પ્યારેલાલ તરીકે થઈ છે. જ્યારે તેના સાગરિતો ફરાર થઈ ગયા છે. મુખ્યમંત્રી અખિલેશ યાદવે મોડી રાત્રે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી જેમાં એક્સાઈઝ અને પોલીસ વિભાગના ૧૬ અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ કરાયો હતો. રાજ્યના એક્સાઈઝ કમિશનર પાસેથી આ બનાવ સંદર્ભમાં ખુલાસો માંગવામાં આવ્યો છે. લઠ્ઠાની બનાવટ અને વેચાણ સામે વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. લઠ્ઠાકાંડના બનાવ બાદ ભારે ખળભળાટ મચી ગયો છે. રાજ્ય સરકાર પણ વિવાદના ઘેરામાં આવી ગઈ છે. ઉત્તરપ્રદેશમાં પ્રથમ વખત નહીં બલ્કે અનેક વખત લઠ્ઠાકાંડના બનાવ બનતા રહ્યા છે. ઓક્ટોબર ૨૦૧૩માં લઠ્ઠાકાંડનો બનાવ બન્યો હતો. આઝમગઢમાં આ બનાવ બન્યો હતો જેમાં ૩૭ લોકોના મોત થયા હતા. તે વખતે પણ કેટલાક અધિકારીઓને સસ્પેન્ડ કરાયા હતા. સમાજવાદી પાર્ટી સરકાર ત્યારબાદ કોઈ પગલા લઈ રહી ન હતી જેના લીધે ફરીવાર આ બનાવ બન્યો છે. ભાજપના રાજ્ય પ્રવક્તા વિજય બહાદુર પાઠકે આ મુજબની વાત કરી છે. ભાજપે સરકાર ઉપર આક્ષેપ કરતા કહ્યું છે કે, લઠ્ઠાકાંડના સંદર્ભમાં નક્કર પગલા લેવામાં અખિલેશ સરકાર નિષ્ફળ ગઈ છે.

## સંજયદત્તની સજા માફ થાય તેવા સ્પષ્ટ સંકેત : અહેવાલ

મુંબઈ,તા. ૧૩

જેલમાં રહેલા સુપરસ્ટાર અભિનેતા સંજયદત્તના વર્તનને લઈને કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા અહેવાલની માંગ કરવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે સંજયદત્તની બાકી રેહેલી સજા માફ કરવાના હેતુથી આ અહેવાલની માંગ કરવામાં આવી છે. તેની સજા માફ થઈ શકે છે તેવા સંકેત મળી રહ્યા છે. વર્ષ ૨૦૧૩માં નિવૃત જજ માર્કેડય કાત્જુએ રાષ્ટ્રપતિને પત્ર લખીને સંજયદત્તની સજા માફ કરવા માટેની વિનંતિ કરી હતી. રાષ્ટ્રપતિએ આ પત્રે કેન્દ્રિય ગૃહ મંત્રાલયને આપી દીધો છે. હેવે કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા હવે કાર્યવાહી હાથ ધરી છે. કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રના ગૃહ મંત્રાલય પાસે જેલ અધિકારીઓની રિપોર્ટ રજૂ કરવા કહેવામાં આવ્યું છે. જેલ અધિકારી સારા રિપોર્ટ આપે છે તો ગૃહ મંત્રાલયની રજૂએઆત બાદ રાષ્ટ્રપતિ દત્તની સજાને માફ કરી શકે છે. વર્ષ ૧૯૯૨માં મુંબઈ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ સાથે જોડાયેલા મામલે સંજય દત્તે ગેરકાયદે હથિયારો રાખવાના મામલે દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ૧૬મી મે ૨૦૧૩ના દિવસે સંજય દત્તને સજા ભોગવા માટે યરવાડા જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. ત્યારથી મે ૨૦૧૪ સુધી એક વર્ષની અવધિમાં સંજય દત્ત ૧૧૮ દિવસ પેરોલ અથવા તો ફર્લો પરે જેલની બહાર રહ્યો છે. સંજય દત્તે આ ગાળા દરમિયાન અનેક ફિલ્મોનુ શુટિંગ કર્યું છે. તાજેતરમાં જ સંજય દત્ત પત્નિ માન્યતાની તબિયત ખરાબ હોવાનુ કારણ આપીને ત્રણ વખતે જેલમાંથી કુલ ૨૮ દિવસ બહાર રહ્યો હતો. સંજય દત્તના જેલથી બહાર રહેવાના મામલે પણ વિરોધ થયો હતો. જેની સામે ભારે હોબાળો થતા તેના મામલે તપાસનો આદેશ કરવામાં આવ્યો હતો.



દિલ્હીમાં મંગળવાર મૌસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો તાપમાન ૪ ડિગ્રી સેલ્શિયસ સુધી નીચું ઉતરી જવા પામ્યું હતું. ગાઢ ધુમ્મસના લીધે ૧૩ ટ્રેનો રદ કરવામાં આવી હતી. વિઝીબીલીટી ૫૦ મીટર કરતા પણ ઓછી હતી.